# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૫ અંક : ૨૮૭ તા. ૦૬-૦૮-૨૦૧૯ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# સંપૂર્ણ બજાર ઓવરસોલ્ડ ઝોનમાં

ગયા અંકમાં દર્શાવ્યું હતું કે નવા અઠવાડિયામાં બજારમાં તેજીનો પ્રારંભ થઈ જશે અનેક સુંદર ફન્ડામેન્ટલ ધરાવતા શેરો ખૂબ જ ઘટી ગયા હોવાને કારણે અને સંપૂર્ણ બજાર ઓવરસોલ્ડ ઝોનમાં હોવાને કારણે અઠવાડિયા દરમ્યાન સેન્સેક્ષ અને નિફ્ટીમાં બાઉન્સબેક અને અપટ્રેન્ડ જોવા મળશે તેવી અમારી ગણતરી હતી તેમ છતાં એક પછી એક નકારાત્મક કારણો આવી રહ્યા હોવાને કારણે સેન્સેક્ષ-નિફ્ટીમાં તેમજ આંતરરાષ્ટ્રીય બજારોમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવાયો. જે રીતે બુધવારે બજાર ઊંચકાયું હતું તેને કારણે થોડી આશા વધી હતી અને તે પછી ગુરુવારના બજારમાં સવારની સેશનમાં તમામ શેરો અને ખાસ કરીને રિલાયન્સમાં મોટું ગાબડું પડ્યા પછી રિલાયન્સની આગેવાની હેઠળ બજારે એકદમ સુંદર રિકવરી દર્શાવી અને તેને કારણે પણ આશાવાદ વધ્યો હતો પરંતુ ગુરુવારે રાત્રે અમેરિકન પ્રમુખે ચીનથી આયાત થતી ૩૦૦ બિલિયન ડોલરની ચીજવસ્તુઓ ઉપર ૧૦ ટકા ટેરિફ લગાડી દેતા ફરી એક વખત સેન્ટીમેન્ટ ડહોળાઈ ગયું છે. ગુરુવારે અમેરિકન બજારમાં પ્રથમ તબક્કામાં ૩૦૦ પોઈન્ટનો ઉછાળો હતો પરંતુ અમેરિકન પ્રમુખ દ્વારા ૧ સપ્ટેમ્બરથી નવી ટેરિફ લગાડી દેવાશે તેવી જાહેરાત પછી અમેરિકન બજારમાં પણ તોતીંગ વેચવાલી ઉપડી અને દિવસને અંતે ડાઉજોન્સ ૨૮૦ પોઈન્ટ ઘટી ગયો હતો અને તેની અસર હેઠળ શુક્રવારે ભારતીય બજાર પણ એક તબક્કે ૩૦૦ પોઈન્ટ કરતા પણ વધારે ઘટાડો દર્શાવતું હતું.

અર્થતંત્ર અને શેરબજાર માટે અત્યાર સુધી બે નકારાત્મક પરિબળો હતા. સરકાર અંગેની અનિશ્ચિતતા અને ચોમાસું અપૂરતું થશે તેવો ભય. પરંતુ આ બંને પરિબળો હવે પોઝિટિવ થઈ ગયા છે અને ચોમાસું પણ એટલી સરસ રીતે પ્રગતિ કરી રહ્યું છે કે જેને કારણે ફરી એક વખત આ વર્ષે તમામ પ્રકારના અનાજ અને કઠોળમાં બમ્પર ઉત્પાદન થશે અને સ્વાભાવિક છે કે ભારતીય અર્થતંત્ર ગ્રામ્યલક્ષી હોવાને કારણે સારા ચોમાસાથી અર્થતંત્રમાં જોશ આવશે અને આ બંને પોઝિટિવ પરિબળની સાથે સાથે ભારતીય અર્થતંત્ર માટે સૌથી મહત્ત્વનું પોઝિટિવ પરિબળ અમેરિકન અર્થતંત્ર છે.

**બહુમતી ઓટો કંપનીઓ, ટાયર કંપનીઓ, ઓટોએન્સીલરી કંપનીઓના પરિણામો નબળા આવ્યા છે**

વિશ્વના અન્ય તમામ દેશોની સરખામણીમાં ભારતીય પ્રજા અમેરિકા અને અમેરિકન પ્રજા સાથે વધારે સંબંધ ધરાવે છે. અને સને ૨૦૦૮ દરમ્યાન અમેરિકન અર્થતંત્ર એકદમ તૂટી ગયું હતું ત્યારે ભારતીય શેરબજારમાં પણ તોફાની ઘટાડો જોવાયો હતો પરંતુ અત્યારે ભારત સાથે સૌથી વધારે વ્યાપાર વિનિમય ધરાવતા અમેરિકન અર્થતંત્રમાં ફૂલગુલાબી તેજી ચાલી રહી છે.

અમેરિકામાં ગયા અઠવાડિયે પણ જે-જે આર્થિક આંકડાઓ આવ્યા છે તે ફૂલગુલાબી તેજીનો સંકેત આપે છે. બેરોજગારીના દાવા અંગે અર્થશાસ્ત્રીઓને ૨૧૪૦૦૦ની અપેક્ષા હતી અને તેની સરખામણીમાં બેરોજગારીના દાવા ૨૧૫૦૦૦ આવ્યા છે. અને તે રોજગારીનું મજબૂત ચિત્ર દર્શાવે છે. આઈએસએમ મેન્યુફેક્ચરીંગ ઈન્ડેક્ષ જુલાઈ મહિના દરમ્યાન ૫૧.૨૦ ટકાના લેવલે આવ્યો છે અને અમેરિકાના કન્સ્ટ્રક્શન ખર્ચમાં પણ મજબૂતી જોવાય છે. ટોચની કંપનીઓ દ્વારા એક પછી એક સારા પરિણામો રજૂ થાય છે અને ગયા અઠવાડિયે અમેરિકન ઓટોમોબાઈલ જાયન્ટ જનરલ મોટર્સમાં શેરદીઠ કમાણી ૧.૪૪ ડોલર આવશે તેવા અંદાજ સામે કંપનીએ ૧.૬૪ ડોલરની શેરદીઠ કમાણી હાંસલ કરી છે. અને સૌથી મહત્ત્વનું પરિબળ અર્થતંત્ર મંદીમાં ન ખૂંપી જાય તે માટે ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો અને અગાઉ ફેડરલ રિઝર્વ દ્વારા આ રીતે વચગાળાના એડજસ્ટમેન્ટ તરીકે સને ૧૯૯૫ અને ૧૯૯૮માં વ્યાજદરમાં નાનો ઘટાડો કર્યો હતો અને તે પછી અમેરિકન શેરબજારમાં તેજી વધારે ભડકે બળી હતી.

વ્યાજદરમાં જે ઘટાડો કરાયો તે અંગે અલગ અલગ એનાલિસ્ટો અલગ અલગ મંતવ્ય દર્શાવે છે અને તેથી તે મંતવ્ય પણ તમારે સમજવા જરૂરી છે.

બહુમતી સંભાવના એ છે કે અમેરિકન પ્રમુખ છેલ્લા થોડા મહિનાથી વ્યાજદર ઘટાડવા માટે ફેડરલ રિઝર્વ ઉપર દબાણ કરી રહ્યા હતા અને લગભગ ૯૫ ટકા અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે કેવળ અમેરિકન પ્રમુખના ભારે દબાણને કારણે ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં આ ઘટાડો કર્યો છે. વાસ્તવમાં અર્થતંત્રમાં વ્યાજદર ઘટાડવાની કોઈ જ જરૂર ન હતી. સામે પક્ષે અર્થશાસ્ત્રીઓનો એક નાનો વર્ગ એવો છે કે જે માને છે કે વૈશ્વિક પરિબળોને કારણે અમેરિકન અર્થતંત્ર પણ મંદીમાં ખૂંપી શકે અને તેથી તેવો સમય ન આવે તે જોવા માટે જ ફેડરલ રિઝર્વે વ્યાજદર ઘટાડ્યા છે પરંતુ વ્યાજદર ઘટતા અમેરિકામાં શેરોમાં તેજી કરવી, સોના-ચાંદીમાં તેજી કરવી અને ભારત જેવા વિકાસશીલ દેશોમાં રોકાણ કરવું નાણાસંસ્થાઓ માટે વધારે કિફાયતી બન્યું છે અને તેને કારણે પણ તેજી ભડકવી જોઈએ. અને આ કારણો આપણે ભારતીય બજારમાં પણ તેજીમાં દાખલ થશે તે માટે એકદમ લાગુ પડે છે.

સામે પક્ષે ભારતીય અર્થતંત્રમાં અત્યારે બે વિરોધાભાસી પરિબળ જોવાય છે અને છેલ્લા એક મહિના દરમ્યાન સોશ્યલ મીડિયામાં અને વોટ્સએપમાં મોદી સરકારની આર્થિક નીતિઓ અંગે આક્રોશ વ્યક્ત થઈ રહ્યો છે તે પાસું પણ ધ્યાનમાં લેવું પડે અને અનેક કંપનીઓના આંકડા સદંતર નિરાશાજનક આવી રહ્યા છે. જુલાઈ મહિના દરમ્યાન તમામ ઓટોમોબાઈલ કંપનીઓ ભલે તે પેસેન્જર કાર કંપની હોય કે ટુ-વ્હીલર કંપની કે પછી કોમર્શિયલ વાહન બનાવતી કંપની તમામના વેચાણો મોટા પાયે ઘટ્યા છે અને ઓટોમોબાઈલના વેચાણો ૧૭ વર્ષ પછી આ રીતે તીવ્રતાથી ઘટ્યા છે અને હજી પણ તેમાં સ્થિતિ સુધરે તેવી કોઈ આશા નથી દેખાતી. બહુમતી ઓટો કંપનીઓ, ટાયર કંપનીઓ, ઓટોએન્સીલરી કંપનીઓના પરિણામો નબળા આવ્યા છે અને તે જ પ્રકારનો ટ્રેન્ડ રીયલ એસ્ટેટ, કન્સ્ટ્રક્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓનો પણ છે. એફએમસીજી કંપનીઓની હાલત પણ કોઈ રીતે પ્રોત્સાહક નથી અને કોઈકના વેચાણો ઘટ્યા છે તો કોઈકના નફા ઘટ્યા છે. કેવળ ફાર્મા અને આઈટી સેક્ટરની કંપનીઓના આંકડા સારા આવી રહ્યા છે. વાસ્તવમાં મોટા ભાગના નાના અને મધ્યમસાઈઝના વેપારીઓની હાલત નાજૂક છે અને બજારમાં લિક્વીડીટીની તીવ્ર કટોકટી છે. અમદાવાદના કાપડ બજારની વાત કરીએ તો અનેક દિવસો સુધી બિલ ન ફાડતા હોય તેવી હાલત છે અને ઉઘરાણી તો આવતી જ નથી. અને આ જ પ્રકારનો ટ્રેન્ડ પબ્લિકેશનના બિઝનેસમાં પણ છે અને ટોચના દૈનિક અખબારોના વેચાણો પણ ગળે ન ઊતરી તેવા દરે તૂટી રહ્યા છે. હોટલ કંપનીઓ અને ટ્રાવેલ કંપનીઓના પરિણામો પણ નિરાશાજનક છે અને આ વાસ્તવિકતાની સામે પક્ષે સરકારની જીએસટીની આવકો ફરી એક વખત વધી છે અને તે પણ એક નક્કર વાસ્તવિકતા છે. કારણ કે બિઝનેસ ઘટ્યા તેવા સમાચારોમાં અમુક સેન્ટીમેન્ટ પણ કામ કરતું હોય પરંતુ જીએસટીની વસૂલાત ફરી વાર રૂા. ૧ લાખ કરોડ ઉપર થઈ છે અને કંપનીઓ જીએસટી ક્યારે ભરે કે જ્યારે તેમના વેચાણો વધ્યા હોય. આમ આ વિરોધાભાસ વચ્ચે એક બાબત સ્પષ્ટ છે કે ભલે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર ઉપર સરચાર્જ વધારાયો હોય કે સરકારની નીતિઓ અંગે આક્રોશ હોય પરંતુ બજાર હવે એવા બોટમ લેવલ ઉપર આવી ગયું છે કે ગમે ત્યારે તોફાની તેજી ભડકારૂપે બહાર આવશે અને તેથી શોર્ટસેલ ન જ કરવું સલાહભરેલ છે.




- **ન્યુ ઇન્ડિયા એન્સ્યોરન્સ કંપની**, સરકારી વીમા કંપનીઓ તરફ અનેક ગ્રાહકોનો અણગમો, અને તે પાછળ આ શેર એકદમ તૂટીને રૂા. ૧૨૪ સુધી નીચો આવી ગયો છે. આટલો બધો માર માર્યા પછી થોડો પંપાળવો જરૂરી. રૂા. ૧૨૪ના ભાવે ૫૦-૧૦૦ શેર લઈને મૂકી દેજો. આંકડાની અદલાબદલી થવાની. ઘટવાની જગ્યા નહિવત. ઉપરમાં રૂા. ૧૪૨ના ભાવની સંભાવના મજબૂત.
- **ભેલ**, આ સરકારી શેરને પણ રોકાણકારોએ બરાબરનો ધોઈ નાખ્યો. કેવળ રૂા. ૬૧ ઉપર આવી ગયો છે. હવે થોડો પંપાળવો જરૂરી, રૂા. ૬૧ના ભાવે ૫૦-૧૦૦ શેર લઈને મૂકી દેજો. રૂા. ૬૮ થવાની જગ્યા.
- **ઇન્ડિયા સિમેન્ટ**, સરકારની વિવિધ યોજનાઓને કારણે સિમેન્ટની માંગ વધશે અને ખાસ કરીને દક્ષિણ ભારતના રાજ્યોમાં મોટા પ્રોજેક્ટો થવાના. (તેમની વોટબેંક જીતવાની છે) ઇન્ડિયા સિમેન્ટને ફાયદો થશે. અત્યારના રૂા. ૯૪ના ભાવે ખોટો નથી. થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **એચડીએફસી લાઈફ**, જૂન ક્વાર્ટરના સુંદર પરિણામો બતાવ્યા પરંતુ કેટલાક એનાલિસ્ટોને પરિણામ હજી વધારે સારા આવી શકે તેવા સંકેત આ આંકડાઓમાંથી મળ્યા છે અને તેથી મોટા પાયે કવર થઈ રહેલો માલ, રૂા. ૫૦૧ના ભાવે થોડાક શેરો લઈને મૂકી દેજો. થોડા અઠવાડિયામાં ફીટ રૂા. ૧૦૦ની નોટ આપી જાય તો મીઠાઈનું બોક્સ આપી જજો.
- **એસબીઆઈ લાઈફ**, બ્રેક વગરની ગાડીની જેમ દોડે જાય છે અને આખા શેરબજાર ઉપર ભલે બ્લેક લાગી ગઈ હોય પરંતુ આ શેર સતત દોડીને રૂા. ૭૯૭ ઉપર આવ્યો છે. જાળવી રખાય, આગામી દિવસોમાં સુંદર ઉછાળા સાથે રૂા. ૮૪૮ થઈ જવાની ગણતરી.
- **આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલ લાઈફ**, બે મોટી બહેનો અત્યારે દોડી રહી છે અને કુસ્તીનું કામ કરી રહેલી ફોગટ બહેનોને જેમ આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલ લાઈફ પણ બે મોટી બહેનોની દોડ ઉપરથી કંઈક શિખવાની. રૂા. ૩૯૬ના ભાવે વધારે નહીં તો ૫૦ શેર લઈને મૂકી દો અને એક વખત દોડવાનું શરૂ કરશે પછી હાથમાં નહીં આવે. ત્રણ મહિને સુંદર નફાની જગ્યા.
- **યુનાઇટેડ બ્રુવરી**, આ અંકનું મુખ્ય હેડિંગ વાંચ્યું ? દારૂની મહેફિલો અસંખ્ય ઘરોમાં અને ઓફિસોમાં થવાની. યુનાઈટેડ બ્રુવરીને ફાયદો, બિયર વધારે વેચાશે. રૂા. ૧૪૦૨ના ભાવે આકર્ષક અને ધીમા સુધારા સાથે રૂા. ૧૫૦૨ના ભાવની ગણતરી.
- **યુનાઇટેડ સ્પીરીટ**, થોડો મોંઘો દારૂ છે પરંતુ પૈસાવાળા ઈન્વેસ્ટરોને નવા બદલાયેલા માહોલમાં યુનાઈટેડ સ્પીરીટનો મોંઘો દારૂ પણ પોસાશે. રૂા. ૫૮૨ના ભાવે થોડાક શેરો લઈને મૂકી શકાય અને આગામી દિવસોમાં આ શેરમાં રૂા. ૬૨૨ના ભાવની સંભાવના મજબૂત.
- **લુપીન**, ટોચની ફાર્મા કંપનીઓ માટે હવે સારા દિવસો. રૂા. ૭૭૩વાળા લુપીનના શેરમાં પણ મોટા ખેલાડીઓનું વધી રહેલું આકર્ષણ, ધીમા સુધારા સાથે રૂા. ૮૨૨ના ભાવની ગણતરી.
- **આઈસીઆઈસીઆઈ જનરલ ઇન્સ્યોરન્સ**, બીજી ઈન્સ્યોરન્સ કંપનીઓના શેરો દોડતા હોય તો આ શેરને પણ દોડવાનું મન થઈ જાય. રૂા. ૧૦૯૮ના ભાવે ધ્યાનમાં રાખજો, મજબૂત નફો આપી જવાની જગ્યા.
- **એલએન્ડટી ફિનાન્સ હોલ્ડીંગ**, નિશિતભાઈ જેવા અમારા પ્રિય વાચકો માટેનો પ્રિય શેર અને અત્યારે ઘટીને રૂા. ૧૦૦-૧૦૨ના આકર્ષક ભાવે મળી રહ્યો છે. લાર્સન ગ્રૂપના શેરમાં ચિંતાનું કોઈ કારણ નથી. હવે એન્ટ્રી લઈ લેવાય અને આવતા થોડા મહિનામાં આંકડાની અદલાબદલી કરીને રૂા. ૧૨૦ના ભાવની ગણતરી.
- **અશોક લેલેન્ડ**, છેલ્લા બે મહિનાથી આ શેરની ટ્રક રિવર્સ ગીયરમાં હતી પરંતુ હવે વધારે પાછળ જવાય તેમ નથી રહ્યું. રૂા. ૭૨ના ભાવે થોડાક શેર લઈને મૂકી દેજો. રૂા. ૬૨ થવાના ચાન્સ નહીંવત. ઉપરમાં રૂા. ૮૨ થવાના ચાન્સ ઘણા વધારે.

અગાઉના વર્ષોમાં બેફામ ધિરાણ કરી ચૂકેલી મોટા ભાગની બેંકો હવે એકદમ વધારે પડતી સાવચેત થઈ ગઈ છે અને સારી-સારી પાર્ટીઓને પણ નવું ધિરાણ આપતા અચકાઈ રહી છે. અત્યારે બધી બેંકો કોર્પોરેટ ધિરાણ આપવાને બદલે રીટેઈલ ધિરાણ અને માઈક્રો ફિનાન્સ ધિરાણ ઉપર જ ફોકસ




કરી રહી છે અને જે રીતે માઈક્રો ફિનાન્સમાં પણ હવે એનપીએના સંકેત મળી રહ્યા છે તે જોતા રીટેઈલ અને માઈક્રો ફિનાન્સ ધિરાણ પણ આગામી સમયગાળામાં બેંકો માટે મુશ્કેલીનું કારણ બની જશે. અને આવા સંજોગોમાં આ તબક્કે ઈન્વેસ્ટરોએ સારા બેંક શેરો ઉપર જ ફોકસ કરતા રહેવું એકદમ સલાહભરેલ છે.

**એચડીએફસી બેંક** કે જે રૂા. ૨૪૦૦ ઉપર ચાલી રહ્યો હતો અને જે શેર માટે અનેક ફંડમેનેજરોએ રૂા. ૨૭૦૦નું લક્ષ્યાંક આપ્યું હતું અને ચાણક્યમાં અમે રૂા. ૩૦૦૦નું લક્ષ્યાંક પણ દર્શાવ્યું હતું તેનો શેર અત્યારે કેવળ રૂા. ૨૧૯૦ ઉપર આવી ગયો છે. બેંક દ્વારા પ્રથમ ક્વાર્ટરમાં પણ નફામાં ૨૧ ટકાનો ઉછાળો હાંસલ થયો હતો. અને તેના શેરની બુકવેલ્યૂ જ રૂા. ૫૬૩ છે. આ પાસું ધ્યાનમાં રાખીએ તો અત્યારના કિફાયતી વેલ્યૂએશન ઉપર ડોક્ટર અને વકીલ જેવા લોંગટર્મ ઈન્વેસ્ટરને એચડીએફસી બેંકના શેર ઉપર જ ફોકસ કરવાની ભારપૂર્વક સલાહ છે અને અત્યારના ભાવથી આ શેર તમને નાખી દેતા રૂા. ૫૦૦થી ૮૦૦નું રિટર્ન આપી જાય તેવી ગણતરી છે અને તમામ બેંકોમાં એચડીએફસી બેંક સૌથી સેઈફ છે તે પણ બધા જ જાણીએ છીએ અને તેથી આ શેરમાં રોકાણનો ગોલ્ડન ચાન્સ છે તે પાસું ધ્યાન બહાર ન જાય.

તેવો જ સુંદર ઉછાળો **એક્સિસ બેંક**ના રૂા. ૬૬૫વાળા શેરમાં પણ દેખાય છે. છેલ્લા ક્વાર્ટરના પરિણામો પણ સુંદર આવ્યા. શેરની બુકવેલ્યૂ રૂ. ૨૫૯ છે અને તે રીતે શેર અત્યારે કેવળ ૨.૫૭ના પીઈરેશિયો ઉપર મળી રહ્યો છે. અને આ શેરમાં પણ આગામી દિવસોમાં હવે ઘટવાની જગ્યા નહિવત અને ઉપરમાં રૂા. ૫૦નો ઝડપી ઉછાળો જોવા મળે તેવી ગણતરી છે.

અત્યારના માહોલમાં **આઈસીઆઈસીઆઈ બેંક**નો શેર પણ રૂા. ૪૧૦ના ભાવે ધ્યાનમાં રાખવો. અને બેંક દ્વારા એપ્રિલથી જૂન ક્વાર્ટરના પરિણામો પણ જોરદાર અપાયા છે. આઈસીઆઈસીઆઈ બેંકની બુકવેલ્યૂ પણ રૂા. ૧૮૩ છે અને તે રીતે આ શેર ૩૪.૩૬ના પ્રાઈસ-ટુ-બુકવેલ્યૂ રેશિયો ઉપર મળી રહ્યો છે અને તેના લેટેસ્ટ નફાને ધ્યાનમાં રાખીએ તો રૂા. ૧૨થી ૧૪ની શેરદીઠ કમાણી મળવાની ગણતરી છએ અને તે રીતે પણ આ શેરમાં રીરેટીંગ ડ્યૂ છે અને તેથી અત્યારના ભાવે થોડાક આઈસીઆઈસીઆઈ બેંક પણ લઈ શકાય.

આવો જ એક મજબૂત શેર **આરબીએલ બેંક**નો છે. અગાઉ ચાણક્યના ૨૪મા પાના ઉપર આરબીએલ અંગે વિસ્તૃત એનાલિસીસ આપ્યું હતું પરંતુ શેર અત્યારે ઘટીને રૂા. ૩૯૩ના મફતના ભાવ ઉપર આવી ગયો છે. આ શેર માટે રૂા. ૭૦૦નું લક્ષ્યાંક શેરનો ભાવ જ્યારે ૫૦૦ ઉપર હતો ત્યારે ૨૪મા પાના ઉપર દર્શાવ્યું હતું અને તે મુજબ આરબીએલ બેંકે રૂા. ૭૧૬નું ટોપ પણ બતાવ્યું હતું પરંતુ અત્યારે આ શેર રૂા. ૩૮૦-૩૯૩ના ભાવે મળી રહ્યો છે. અતિશય મજબૂત કામગીરી ધરાવતી અને રૂા. ૧૭૬ની બુકવેલ્યૂ ધરાવતી આરબીએલ બેંકના શેરમાં પણ આ ભાવે થોડું રોકાણ કરી દેવાય. અત્યારે આ શેર રૂા. ૨.૨૫ના પીઈરેશિયો ઉપર મળી રહ્યો છે.

બીજી હરોળના શેરો ઉપર રોકાણ કરવા માંગતા **આઈડીએફસી ફર્સ્ટ બેંક** પણ ઉત્તમ છે. અગાઉ આ શેર ત્રણથી ચાર વર્ષમાં રૂા. ૨૦૦-૩૦૦નો ભાવ બતાવશે તેવી ગણતરી સાથે અનેક રોકાણકારોએ રૂા. ૪૪થી રૂા. ૫૨ની રેન્જમાં આ શેરમાં જંગી રોકાણ કર્યું હતું. પરંતુ માર્ચ ક્વાર્ટર પછી જૂન ક્વાર્ટરમાં પણ બેંકે મોટું નુકસાન બતાવતા આ રોકાણકારોનો વિશ્વાસ થોડોક ડગ્યો છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે મર્જર પછી આઈડીએફસી બેંકની મેનેજમેન્ટ તેમની બેલેન્સશીટ ચોખ્ખું કરી રહી છે અને તેને કારણે જ આ નુકસાન છે. બુકવેલ્યૂ રૂા. ૩૮ છે અને તે રીતે પણ અત્યારનો રૂા. ૪૦નો ભાવ એકદમ મફત કહી શકાય અને તેથી અત્યારના ઘટેલા ભાવે આઈડીએફસી ફર્સ્ટ બેંક જાળવી રાખવો અને શક્ય હોય તો નવું રોકાણ પણ કરી શકાય.

આ જ પ્રકારે **કર્ણાટક બેંક**ના શેરમાં પણ બાવન અઠવાડિયાના રૂા. ૮૧-૮૨ના ભાવે શેર અત્યારે કેવળ રૂા. ૮૩ના લેવલે મળી રહ્યો છે. કર્ણાટક બેંકમાં સૌથી મજાની વાત તો એ છે કે તેના શેરની બુકવેલ્યૂ રૂા. ૧૯૦ છે અને તેની કરતા પણ અત્યારે ભાવ અડધો છે. બેંકે છેલ્લા ૧૨ મહિનામાં રૂા. ૧૭.૩૨ની શેરદીઠ કમાણી મેળવી હતી અને તે રીતે તેમાં કેવળ ૪.૮૦નો પીઈરેશિયો ચાલી રહ્યો છે માટે અત્યારે પીઈરેશિયો ઉપર મળી રહ્યો છે.


ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ

**staffavailable.com**

ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

**તદ્દન ફ્રી**

staffavailable.com








## SHAH FOODS LIMITED

Regd. Office : Kalol-Mehsana Highway, Post- Chhatral, Tal. : Kalol, Dist- Gandhinagar - 382729 e-mail: nirav.shah@shahfoods.com,
CIN: L15419GJ1982PLC005071, Website: www.shahfoods.com

EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 30TH JUNE 2019

Rupees in Lakhs

| Sr. No. | PARTICULARS | Quarter ended 30.06.2019 | Quarter ended 31.03.2019 | Corresponding Quarter ended 30.06.2018 | Year ended 31.03.2018 |
|---|---|---|---|---|---|
| | | Unaudited | Unaudited | Unaudited | Audited |
| 1 | Total Income From Operations (net) | 100.04 | 124.51 | 154.76 | 569.86 |
| 2 | Net Profit/(Loss) for ordinary activities before Tax, Exceptional and/or Extraordinary Items)# | (55.59) | 7.89 | 23.44 | 15.90 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)# | (55.59) | 7.89 | 23.44 | 15.90 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)# | (55.59) | 6.69 | 21.94 | 11.70 |
| 5 | Total Comprehensive Income for the Period {Comprising Profit/Loss for the period (After Tax) and Other Comprehensive Income (After Tax)} | (55.59) | 6.69 | 21.94 | 11.70 |
| 6 | Equity Share Capital.(face value of Rs.10 each) | 59.75 | 59.75 | 59.75 | 59.75 |
| 7 | Reserves (excluding Revaluaton Reserve) as shown in balance Sheet of previous | 115.01 | 170.60 | 186.96 | 170.60 |
| 8 | Earning Per Share (before extraordinary items) (of' Rs.10 /- each | | | | |
| | Basic . Diluted | | | | |
| | Basic | (9.30) | 1.12 | 3.67 | 1.96 |
| | Diluted | (9.30) | 1.12 | 3.67 | 1.96 |
| 9 | Earning Per Share (after extraordinary items) (of' Rs.10 /- each | | | | |
| | Basic . Diluted | | | | |
| | Basic | (9.30) | 1.12 | 3.67 | 1.96 |
| | Diluted | (9.30) | 1.12 | 3.67 | 1.96 |

**Notes :**

1 The above results were reviewed by the Audit Committee on 05/08/2019 and taken on record by Board of Directors of the Company at its meeting on 05/08/2019. The above results have been reviewed by the statutory auditors of the Company.

2 The above is an extract of the detailed format of Quarterly/Yearly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Yearly Financial Results are available on the Stock Exchange website www.bseindia.com and on the Company's website www.shahfoods.com.

3 The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote.

4 # - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules.

For, Shah Foods Limited
Sd /-
Nirav J Shah
DIN : 01880069
Director

Place : Ahmedabad
Date : 05-08-2019

## MAXIMAA SYSTEMS LIMITED

CIN: L27100GJ1990PLC014129
Regd. Off.: B-1, Yash Kamal, Tithal Road, Valsad-396001, Gujarat, India.
Tel: 02632 - 222402 / 403, Email: cs@maximaasystems.com
Website: www.maximaasystems.com

**NOTICE**

Notice is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on **Wednesday, 14th August, 2019** inter-aliato consider and approve the Un-Audited Standalone Financial Results of the Company for the **Quarter ended 30th June, 2019** subject to Limited Review by the Statutory Auditor of the Company.

For further details please visit the Company's website (www.maximaagroup.com) or that of BSE Limited, Stock Exchange (www.bseindia.com).

For Maximaa Systems Limited
Sd/-
Nagraj Mogaveera
(Company Secretary)

Place : Valsad
Date : 06.08.2019

## પ્રતીક્ષા કેમિકલ્સ લિમિટેડ

ત્રીજોમાળ,એચ.કે.કોમ્પલેક્સ,ધરણીધરદેરાસર પાસે, પાલડી,અમદાવાદ-૩૮૦૦૦૭
CIN : L24110GJ1991PLC015507 www.pratikshachemicals.in
PH : 079-26632390 E-MAIL: exports@dharapratiksha.com

**નોટિસ**

સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન તથા ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ તથા રેગ્યુલેશન ૪૭ અન્વયે નોટિસને પાઠવવામાં આવે છે કે તા.૧૩મી ઓગસ્ટ ૨૦૧૯,મંગળવારનાં રોજ કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટિંગ ઉપર ના રજિસ્ટર્ડ ઓફિસના સરનામે મળશે. જેમાં ૩૦મી જૂન,૨૦૧૯ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિકગાળાનાં અનઓડિટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા થશે તેમજ મંજૂર કરવામાં આવશે.

બોર્ડઓફ ડાયરેક્ટર્સના હુકમ થી
પ્રતીક્ષા કેમિકલ્સ લિમિટેડ માટે
સહી/
Mr.Jayesh Patel
Director
( DIN-00401109)

તારીખ:૦૩.૦૮.૨૦૧૯
સ્થળ :અમદાવાદ